# કોન્સર્ટ ટુર સાથે શાસ્ત્રીય મૂળ તરફ પાછાં વળતાં સિતારવાદક અનુષ્કા શંકર

ભાર્ગવી કુલકર્ણી





**ન્યુ યોર્કઃ** મ્યુઝિક કમ્પોઝર અને સિતારવાદક અનુષ્કા શંકર પાંચમી એપ્રિલે ન્યુ યોર્કમાં ધ ટાઉનહોલમાં સંગીતપ્રેમીઓને પોતાની ભારતીય ક્લાસિક્સ રચનાઓથી દીવાના બનાવી દીધા હતા. અનુષ્કા શંકર સિતારવાદક પંડિત રવિશંકરનાં પુત્રી છે અને તેમનાં સૌથી સમર્પિત શિષ્યા છે. અનુષ્કા શંકરે પોતાના ૨૦૧૫ સીડી રિલીઝ 'હોમ'માંથી મ્યુઝિક રજૂ કર્યું હતું, જે સંપૂર્ણ ભારતીય શાસ્ત્રીય આલબમ છે અને તેમાં ભારતીય રાગની ચિંતનાત્મક અને કલાસિકની ગુણવત્તા પ્રદર્શિત થઈ છે.

વ્હાઈટ લહેંગામાં સજ્જ અનુષ્કા શંકરે બે કલાક સુધી સંગીત રજૂ કર્યું હતું, જેમાં તેઓ સંપૂર્ણ શુદ્ધ અને દિવ્ય લાગતાં હતાં. શાસ્ત્રીય ભારતીય વાજિંત્રો, જેવાં કે તાનપૂરા, તબલાં, શહેનાઈ અને મૃદંગમ્ સાથે છ વાર ગ્રેમી નોમિનેટેડ સંગીતકાર અનુષ્કા શંકરે સિતાર પર પોતાનું વર્ચસ પ્રદર્શિત કર્યું હતું.

આ સંગીતમય સાંજની શરૂઆત રાગ જોગેશ્વરી સાથે થઈ હતી, જેની રચના પંડિત રવિશંકરે કરી હતી. આ પછી અનુષ્કા શંકરે પોતાના પિતાના રાગ જનસંમોહિની પર આધારિત 'જન્નત' કમ્પોઝિશન રજૂ કર્યું હતું, જે રિલીઝ થવાનું બાકી છે.

૩૫ વર્ષની અનુષ્કા શંકરે 'પંચમ સે ગારા' રજૂ કર્યું હતું, જે પોતાના પ્રથમ આલબમ (સન ૨૦૦૦)માં રજૂ થયું હતું અને આ આલબમની સૌથી જાણીતી રચના હતી.

પોતાના સાથી સંગીતકારો સાથે સતત આદાનપ્રદાન કરતાં અનુષ્કા શંકર, તેમના ચહેરા પર સદાય સ્મિત રહેતું હતું. તેમણે ઉત્સાહ જાળવી રાખ્યો હતો. દરેક સંગીતકારે છેલ્લે પોતાનું સંગીત રજૂ કર્યું હતું. આ પછી તબલાં અને મૃદંગમની જુગલબંધી રજૂ થઈ હતી જેના કારણે દર્શકોએ ઊભા થઈને તાળીઓ પાડી હતી અને અભિવાદન કર્યું હતું.

તેમણે આ શો જેના પર આધારિત હતો તે પોતાના આલબમ 'હોમ' વિશે વાતો કરી હતી.

તેમની સાથે તબલાં પર ઓજસ અઢિયા, મૃદંગમ્ પર પીરાશાના થેવારાજાહ, શહેનાઈ પર સંજીવ શંકર, ફ્લુટ પર રવિચંદ્ર કુલુર અને તાનપૂરા પર કેન્જો ઓટા-હર્ષા વિશ્વનાથને સંગત કરી હતી.

અનુષ્કા શંકર પોતાની જાતે સફળ સંગીતકાર બન્યાં છે. તેઓ બાળપણથી જ સિતાર વગાડતાં હતાં અને પોતાની સ્ટાઈલ વિકસાવી હતી, જે સંગીત કાર્યક્રમોમાં રજૂ કરતાં હતાં.

તેમણે બ્રિટિશ હાઉસ ઓફ કોમન્સ શીલ્ડ મેળવનાર સૌથી યુવાન અને મહિલા તરીકે સન્માન મેળવ્યું હતું. આ પછી 'ટાઈમ' મેગેઝિન દ્વારા 'એશિયન હીરો' તરીકે બહુમાન મેળવ્યું હતું.

તેઓ લંડનમાં પતિ જો રાઈટ (જેઓ નાટ્ય લેખક છે) અને બે પુત્રો ઝુબીન શંકર રાઈટ અને મોહન શંકર રાઈટ સાથે વસે છે.